## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મજબુરી ન હોત તો... રામ વનમાં ન હોત, કૃષ્ણ જેલમાં ન હોત અને આપણે આવી નોકરી કરતા ન હોત...

# ૫૦ ગુન્હાને અંજામ આપનાર રીઢો ગુનેગાર કલોલથી ઝડપાયો

**એલસીબી પોલીસે કલોલ એસટી વર્કશોપ પાસેથી મુકેશ ઉર્ફે બલ્લુ મદ્રાસીને બે સાથીદારો સાથે ઝડપી પાડ્યો, પોલીસે સોનાની ચેઈન નંગ-૨, સોનાની ચેઈનના ટુકડા નંગ-૭, જયુપીટર અને બાઈક મળી કુલ રૂ.૨.૬૮ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો**

ગાંધીનગર, તા.૪

અમદાવાદ-નડીયાદમાં ચેઈન સ્નેચીંગમાં તરખાટ મચાવનાર અને ગેરકાયદેસર હથીયાર સહિત અંદાજીત ૫૦ જેટલા આચરનાર આરોપીને તેના બે સાગરીત સાથે કલોલથી ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી પાડ્યો છે. પોલીસને શખ્સોના ખિસ્સામાંથી સોનાની ચેઈન નંગ-૨, સોનાની ચેઈનના ટુકડા નંગ-૭, સહિત જયુપીટર-પેશન પ્રો બાઈક મળી કુલ રૂ.૨,૬૮,૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચાર ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. ગાંધીનગર જિલ્લામાં બનતા મિલકત સંબંધી ગુનાઓ ઉપર અંકુશ મેળવવા ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલએ તાબાના અધિકારીઓને જરુરી સુચના આપી હતી. જેને પગલે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ અને જવાનો પેટ્રોલીંગમા હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ નવલસિંહને અને કોન્સ્ટેબલ ગોંવિદભાઈ કનુભાઈને સંયુકત બાતમી મળી હતી કે કલોલ આંબેડકર ઓવર બ્રિજ, એસટી વર્કશોપ નજીક ત્રણ શખ્સો નંબર વિનાના જયુપીટર અને પેશન પ્રો બાઈક નં. જી.જે.૧૬.બી.એમ.-૮૯૯૬ લઈને ઉભા છે. જે ત્રણેય ચેઈન સ્નેચીંગ તેમજ વાહન ચોરીના ગુના કરવાની ટેવવાળા છે. જેથી એલસીબી પીએસઆઈ ડી.એસ.રાઓલ સહિતની ટીમના સભ્યોએ એસટી વર્કશોપ નજીકથી મુકેશ ઉર્ફે બલ્લુ બલરામ મદ્રાસી (સોની) (રહે.ચંડોળા તળાવ પાસે પી.ડબલ્યુ.ડી.ના છાપરા ઈસનપુર અમદાવાદ), શૈલેશ મફતભાઈ પરમાર તેમજ રાજકુમાર કનુભાઈ વસાવા (બંને રહે.નવીનગરી ઢુનાદરા ગામ, તા.ઠાસરાષ જી-ખેડા)ને પકડી પાડ્યા હતા. પોલીસે બાઈક અને જયુપીટર અંગે પુરાવાઓ માંગતા તેઓ ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. તેઓની અંગજડતી કરતા મુકેશ ઉર્ફે બલ્લુ મદ્રાસી તેમજ શૈલેશ મફતભાઈ પરમારના પેન્ટના ખીસ્સામાંથી બે સોનાની ચેઈન તેમજ ચેઈનના ટુકડા નંગ-૭ મળી આવ્યા હતા. જેથી ત્રણેયની પુછપરછ કરતા મુકેશ ઉર્ફે બલ્લુ મદ્રાસીને અગાઉ ચેઈન સ્નેચીંગના ગુનાઓમાં સજા થઈ હતી. જેથી તે નડીયાદ જેલમાં હતો અને બે માસ પહેલા જેલમાંથી મુકત થયા પછી સાબરમતિ રામનગર વિસ્તારમાં આવેલા જૈન દેરાસર પાસેના ગેટ આગળથી ચેઈન સ્નેચીંગ કરવા માટે એક







એકટીવાની ચોરી કરી હતી. જયારે મુકેશને જેલમાં રાજકુમાર વસાવા સાથે મિત્રતા થઈ હતી. ત્યારે બંને જણા જેલમાંથી મુકત થયા પછી ચોરીના એકટીવા પર ચેઈન સ્નેચીંગ કરવાનું નક્કી કરી અન્ય મિત્ર શૈલેષ પરમારને પણ સાથે રાખી ગુનાઓને અંજામ આપ્યો હતો. આજથી દોઢેક માસ અગાઉ મુકેશ તેમજ શૈલેષ પરમાર ચોરીના એકટીવા લઈ કલોલ આવ્યા હતા.કલોલ વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિર પાસે એક બહેન ચાલીને જઈ રહ્યા હતા. તે સમયે તેમના ગળામાંથી સોનાની ચેઈન તોડી જતા રહ્યા હતા. તે સમયે એકટીવા ચાલતુ ન હોવાથી કલોલના સરદાર બાગ પાસે મુકી બસમાં બેસી જતા રહ્યા હતા. ત્યારબાદ દશ દિવસ અગાઉ રાજકુમાર વસાવાના પેશનપ્રો બાઈક પર કલોલ આવેલા અને કલોલ સ્વામીનારાયણ મંદિર પાસે એક જયુપીટર પાર્ક કરેલુ હતું. આ જયુપીટરમાં ચાવી ભરાવેલી હોવાથી તેની ચોરી કરી મુકેશે તેની પાસે રાખ્યું હતું. જયારે અંદાજે આઠ દિવસ અગાઉ મુકેશ જયુપીટર લઈને કલોલ આવ્યો હતો અને કલોલ પંચવટી વિસ્તારમાં નીલગીરી સામે માર્ગ પર ચાલતા જતા મહિલાના ગળામાંથી સોનાના દોરાની લુંટ કરી હતી. જયારે છ દિવસ પહેલા પણ કલોલ ડી માર્ટ પાછળના ભાગે ગોવર્ધન સોસાયટી સામે ચાલીને જઈ રહેલા મહિલાના ગળામાંથી દોરો તોડી ફરાર થઈ ગયો હતો. ઉલ્લેખયની છે કે આરોપી મુકેશ ઉર્ફે બલ્લુ મદ્રાસી (સોની) અમદાવાદ-નડીયાદમાં ચેઈન સ્નેચીંગ અને ગેરકાયદેસર હથીયાર સહિત આશરે ૫૦ જેટલા ગુનામાં પકડાયેલ છે. તે ઉપરાંત તેને ચાર વર્ષની સજા અને સાત વાર પાસા હેઠળ અટકાયત પણ થઈ છે.

## ખૂણેખાંચરેથી

● નારદીપુર ખાતે રામજી મંદિરના જીર્ણોદ્ધાર નિમિત્તે આજે યોજાયેલ શિલાન્યાસ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલ આજે જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારીને મળવા આવ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા આજે સદસ્યતા અભિયાન અંગેનો વર્કશોપ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે. ૧૭ ખાતે યોજાયો છે.

● ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યની દેશની શ્રેષ્ઠ વિધાનસભા અને શ્રેષ્ઠ વિધાન પરિષદના એવોર્ડ માટે માપદંડ નિયત કરવા માટેની સમિતિમાં નિમાયા.

● શહેર ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન તેમજ અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત રાયસણ ખાતે વર્કશોપનું આયોજન કરાયુ હતુ.

● સે. ૨૪માં યોજાયેલ સેવાસેતુમાં ૨૪૫૯ અરજદારોએ લાભ લીધો હતો.

● સ્વામિ. ગાદી સંસ્થાન દ્વારા કોબા ખાતે સત્સંગ યોજાયો હતો.

● આજે બલરામ મંદિર સે. ૧૨ ખાતે પુસ્તક પરબ યોજાશે.

● ગાંધીનગર જિલ્લામાં ૮મી સુધી મહત્તમ તાપમાન ૪૨-૪૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૩ થી ૬૪ ટકા વચ્ચે રહેવાની સંભાવનાઓ હવામાન પૂર્વાનુમાનમાં વ્યક્ત કરાઈ છે.

● ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ અસહ્ય ગરમીને પગલે ઓછુ હતુ.

## સતત ત્રીજા વર્ષે મગોડી સ્કૂલનું ૧૨ સાયન્સ પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ

**શાળાનો શાહ માનવ ૯૪.૫૫ પર્સન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ નંબરે : શાળાનું ગૌરવ વધાર્યુ**

ગાંધીનગર, તા. ૪

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું સતત ત્રીજા વર્ષે પણ ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. જેમાં પ્રથમ નંબરે શાહ માનવ (૯૪.૫૫ પી.આર.), દ્વિતીય નંબરે ઠાકોર અર્જુન (૮૯.૬૬પી.આર.) અને તૃતીય નંબરે ઠાકોર સેજલ (૮૬.૧૫ પી.આર.) પ્રાપ્ત કરી શાળાનું તેમજ ગામનું ગૌરવ વધારેલ છે. સતત ત્રીજા વર્ષે પણ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરી ગાંધીનગર જિલ્લામાં મગોડીનું નામ રોશન કરવા બદલ તમામ વિદ્યાર્થીઓને મંડળના



પ્રમુખ તેમજ શાળાના આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

## રાસેયો દ્વારા વર્લ્ડ યોગ દિવસ પ્રોટોકોલની તાલીમ અપાઈ



ગાંધીનગર, તા. ૪

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા રાજ્યપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અને યોગ અમૃત મહોત્સવ અંતર્ગત સાદરા ગામના યુવાનો, લોકો અને ગ્રામ વિદ્યાપીઠનાં સેવકો માટે વર્લ્ડ યોગ દિવસ પ્રોટોકોલની તાલીમ આપવામાં આવી રહી છે. કાર્યક્રમ અંતર્ગત આગામી દિવસોમાં યોગને લગતા અન્ય કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે. આજે પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સીલાવાત દ્વારા યોગ પ્રોટોકોલની તાલીમ આપવામાં આવી હતી. ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ પ્રાસંગિક સંબોધન અને કાર્યક્રમનની ભૂમિકા વિષય વાત કરી હતી. આ અવસર પર ગ્રામ સેવા મહાવિદ્યાલયનાં સંયોજક રમેશભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, ડૉ. અરવિંદભાઈ રામી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી. ગામડામાં યોગ વિશેની માહિતી રાસેયોનાં સ્વયંસેવક રણવીરસિંહ રહેવર, મોતીભાઈ ભરવાડ, રચિત ચૌધરી, રુચિત રાઠોડ અને રાકેશ ચૌહાણ દ્વારા અપાઈ રહી છે.

## સેકટર-૨૧ પોલીસ મથક સામે કારની અડફેટે એકસેસ ચાલક યુવતિનું મૃત્યુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના આડા-ઉભા માર્ગો પર પુરપાટ ઝડપે દોડતા વાહનો ગમે તે સમયે અકસ્માત નોંતરે છે. ગતિ નિયત્રંણનું ઉલ્લંઘન કરી ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો પાટનગરમાં નજરે પડે છે. ત્યારે તાજેતરમાં સેકટર-૨૧ પોલીસ મથકની સામે કાર-એકસેસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બનાવમાં છ-૫ તરફથી આવી રહેલી કારના ચાલકે સેકટર-૨૧ ના વળાંક પાસે એકસેસને ટક્કર મારતા યુવતિ નીચે પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં સેકટર-૨૫ ખાતે રહેતી યુવતિનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા શુભ પાયોનિયર મકાન નં.એ.૫૦૨માં રહેતા ધનેશ રામાશ્રય રાય તેઓ ત્રણ ભાઈ પૈકી સૌથી મોટાભાઈ ધનંજય રાયનું એક વર્ષ અગાઉ અવસાન થયું હતું. તેમના પરિવારમાં પત્ની સવિતાબેન અને બે દિકરીઓ અવંતિ અને અદિતિ હતી. તેઓ સેકટર-૨૫ સુર્ય નારાયણ સોસાયટી ખાતે રહે છે. જયારે ૨૦ વર્ષની અદિતિ સેકટર-૧૫ સ્થિત આઈઆઈટીમાં બીએસસી બીએડ ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. ગતરોજ બપોરના સમયે અદિતિ એકસેસ નં.જી.જે.૧૮.ડી.કે.૫૯૮૨ લઈને ઘરે થી સેકટર-૨૧ માં જઈ રહી હતી. ચ-૫ થી છ-૫ ની વચ્ચે સેકટર-૨૧ પોલીસ મથકની સામે વળાંક પર કાર નં જી. જે. ૦૧. આર. કે.૭૬૯૯ ના ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અચાનક ટર્ન મારતા એકસેસને ટકરાઈ હતી. જેથી એકસેસ પર સવાર અદિતિ માર્ગ પર પટકાતા શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવતિને સારવાર માટે તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખસેડાઈ હતી. જયાં પરિવારના સભ્યો પણ દોડી આવ્યા હતા. પરંતુ અદિતિને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાઈ હતી. જેથી ધનેશભાઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટર પહોંચ્યા હતા. જયાં તેમની ભત્રીજી અદિતિને સારવાર દરમિયાન ફરજ પરના તબિબે મરણ જાહેર કરી હતી. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## છત્રાલ જીઆઈડીસી ખાતે નિકી ઈમ્પેક્ષમાં આગ ભભુકી ઉઠી



ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના કલોલ છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં પ્લોટ નં.૨૦૦૫-એ ફેઝ-૨ ખાતે આવેલી નિશી ઈમ્પેક્ષમાં અચાનક સવારના સમયે આગ ભભુકી ઉઠી હતી. આગની જવાળાઓ દુરદુર સુધી દેખાતી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને કોલ મળતા તાત્કાલીક પહોંચી જઈ આગ વધુ પ્રસરે તે પહેલા ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે કંપનીમાં આગ સોર્ટસર્કિટને પગલે લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. જયારે આગની જવાળાઓમાં લાખો રૂપીયાનો સામાન બળીને ખાખ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

## સ્થાવર મિલકતના દસ્તાવેજોની પ્રમાણિત નકલ પણ હવે IORA પોર્ટલ પરથી મેળવી શકાશે

ગાંધીનગર, તા. ૪

નોંધણી સર નિરીક્ષકશ્રીની યાદીમાં જણાવ્યાનુંસાર તા. ૧ જાન્યુઆરી-૨૦૦૧ થી નોંધાયેલ સ્થાવર મિલકતના દસ્તાવેજોની પ્રમાણિત નકલ પણ હવે IORA પોર્ટલ https://iora.gujarat.gov.in પરથી મેળવી શકાશે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ૧ જાન્યુઆરી-૨૦૦૧ થી નોંધાયેલ સ્થાવર મિલકતના દસ્તાવેજોની પ્રમાણિત નકલ માટે અરજદારોએ રૂ. ૩૦૦ પ્રોસેસિંગ ફી અને રૂ. ૩૦૦ સ્ટેમ્પ ફી એમ કુલ રૂ. ૬૦૦ ઓનલાઈન ભરવાના રહેશે.

## સેકટર-૧ તળાવ પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૧ તળાવ પાસે ખુલ્લા પાર્કિંગમાંથી ઈન્દ્રોડાના યુવકનું બાઈક ચોરાયું છે. બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્દ્રોડા વચલા વાસ ખાતે રહેતા મેલાજી મકવાણા પોતાના પરિવાર સાથે રહે છે અને સરગાસણ ખાતે ડ્રાઈવરની નોકરી કરે છે. મેલાજી નોકરીએ આવન જાવન માટે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.સી.એમ.-૫૭૭૧ ઉપયોગ કરે છે. ગત તા.૧ ના રોજ મેલાજી નિત્યક્રમ મુજબ રાત્રીના આઠ વાગે સેકટર-૧ ના તળાવ ખાતે બાઈક પાર્ક કરીને ચાલવા માટે ગયા હતા.જયારે રાત્રીના ૯ વાગ્યાના અરસામાં ચાલીને આવ્યા તો જોયુ તો ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ તેમનુ બાઈક ન હતું. જેથી તેઓએ આસપાસના વિસ્તારમાં તેમની રીતે શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી મેલાજીએ સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી.

## જિલ્લામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમા ૧૩,૧૮૨ લાભાર્થીઓની અરજીઓનો નિકાલ કરાયો

**જિલ્લાના ચાર તાલુકામાં ૮૨૮૨ : બે નગરપાલિકા વિસ્તારમાં ૨૪૪૧ : ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમમાં ૨,૪૫૯ અરજીઓનો નિકાલ**

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર જિલ્લામાં આજરોજ આઠમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ બે નગરપાલિકા, ચાર તાલુકા અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં યોજાયો







હતો. આ તમામ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૧૩,૧૮૨ અરજીઓ આવી હતી. આ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં કુલ- ૮૨૮૨ અરજીઓ : બે નગરપાલિકા વિસ્તારમાં કુલ- ૨૪૪૧ અરજીઓ : ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમમાં ૨,૪૫૯ અરજીઓનો નિકાલ મહાનગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ સ્વામી વિવેકાનંદ શાળા, સેકટર- ૨૪ ખાતે યોજાયો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૨,૪૫૯ અરજીઓ આવી હતી. જેમાંથી તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. માણસા નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર – ૧ થી ૭ નો સેવાસેતુ કાર્યક્રમ તખતપુર કોમ્યુનિટી હોલ ખાતે યોજાયો હતો. જેમાં આવેલી ૯૫૧ અરજીઓમાંથી તમામ અરજીઓનો નિકાલ થયો હતો. કલોલ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર-૧,૨ અને ૬ વોર્ડના નાગરિકો માટે સેવાસેતુ કાર્યક્રમ અંબાજી માતાની વાડી ખાતે યોજાયો હતો. જેમાં ૧૪૯૦ અરજીઓ વિવિધ સહાય યોજનાનો લાભ લેવા આવી હતી. તે તમામ અરજીઓનો નિકાલ થયો છે. ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાઓમાં પણ આજરોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગર તાલુકામાં સાદરા પ્રાથામિક શાળા ખાતે, દહેગામ તાલુકામાં લવાડ ગામની પ્રાથમિક શાળા ખાતે, કલોલ તાલુકામાં મોખાસણ ગામની પ્રાથમિક શાળા ખાતે અને માણસા તાલુકામાં લિંબોદરા ગામ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. ચાર તાલુકામાં કુલ- ૮૨૮૨ અરજીઓ વિવિધ રાજય સરકારની વ્યક્તિલક્ષી યોજનાઓના લાભ લેવા આવી હતી. જેમાંથી ૮૨૮૨ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૨૦૫૭ અરજી આવી હતી. તે તમામનો નિકાલ થયો છે. દહેગામ તાલુકામાં આવેલી ૧૪૪૩ અરજીઓમાંથી તમામ અરજીઓનો નિકાલ થયો છે. કલોલ તાલુકામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૧૬૦૪ અરજીઓ આવી હતી. તે તમામ અરજીઓનો નિકાલ થયો છે. માણસા તાલુકામાં યોજાયેલ સેવાસેતુમાં કુલ-૩૧૭૮ અરજદારોએ વિવિધ સહાય યોજનાનો લાભ લેવા અરજી કરી હતી. જે તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ તમામ સેવાસેતુ કાર્યક્રમનું સુચારું આયોજન સ્થાનિક વહીવટી તંત્રએ ભારે જહેમત ઉઠાવી હતી.

## વિશ્વ યોગ દિવસની પૂર્વ તૈયારીના ભાગરૂપે યોગના પુસ્તકોનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૪

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ અને શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન શાખા સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા 'વિશ્વ યોગ' દિવસની પૂર્વ તૈયારીના ભાગરૂપે 'યોગ કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત યોગના ૧૦૦ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેનું આયોજન મ.દે. ગ્રામસેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ પટેલ તથા શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન શાખાના ડીન ડૉ. જગદીશભાઈ સાવલિયાના



માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશભાઈ પરીખ, દિશા દવે, કિશનભાઈ પંચાલ, જતીન સોલંકી, મહેન્દ્રસિંહ રહેવર અને મયુર રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાયન્સ સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન

**બે તબક્કામાં ઉજવણી કરાશે : પ્રથમ તબક્કામાં પર્યાવરણ સંરક્ષણ મિલન અને બીજા તબક્કામાં પર્યાવરણ ગોષ્ઠી યોજાશે**

ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ પરની ગુજરાત સાયન્સ સિટી ખાતે તા. ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવશે. વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ઉજવવામાં આવે છે જેની આ વર્ષે થીમ 'માત્ર એક પૃથ્વી' છે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે આ ઉજવણી બે તબક્કામાં થશે. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનો પ્રથમ તબક્કો પર્યાવરણ બચાવકર્તાઓનું પર્યાવરણ સંરક્ષણ મિલન માટે હશે. સુરેન્દ્રનગરના પાટડીના અંદાજે ૬૦ મીઠું પકાવનાર શ્રમદાતા અગરિયાઓ અને દાંતાના આશરે ૧૨૦ આદિવાસીઓ આ પ્રસંગે જોડાશે. આ ગ્રામજનોને સાયન્સ અને સાયન્સ સિટી શું છે તે વિશે માહિતગાર કરવામાં આવશે ત્યારબાદ વિવિધ ગેલેરીઓની મુલાકાત કરવવામાં આવશે. જનપથ ટ્રસ્ટે આ ગ્રામજનો માટે મુસાફરીની સુવિધા પૂરી પાડવામાં મદદ કરી છે. આ મીટ અગરિયા અને આદિવાસીઓ વિશે વધુ જાણવા અને તેમને તકનીકી પ્રગતિ વિશે સમજવા માટે સહયોગ માટે ભવિષ્યમાં સાનુકૂળ બનશે. બીજો તબક્કામાં આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસરો સાથે શાળા, કોલેજના વિદ્યાર્થીઓ અને કેન્દ્રીય વિદ્યાલયના શિક્ષકો વચ્ચે પર્યાવરણીય ક્રિયાપ્રતિક્રિયા માટે પર્યાવરણ ગોષ્ઠીનો હશે. આ ઉપરાંત ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે કોલેજના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા અને શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજાશે. બીજા તબક્કાનું આયોજન ગુજરાત સાયન્સ સિટી, ગુજકોસ્ટ, જેડા અને ગુજરાતના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.

## જાહેર નોટીસ

આથી અમો પંકજભાઈ પ્રહલાદભાઈ વ્યાસ તથા ભાવનાબેન પંકજભાઈ વ્યાસ રહે. એ/૨૦૩, શ્યામ સૃષ્ટિ ફ્લેટ, પોર ગામ કુડાસણ રોડ, જી. ગાંધીનગર તે આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને ચેતવણી આપી જણાવીએ છીએ કે, પુત્ર નામે જીનેન પંકજભાઈ વ્યાસ અને પુત્રવધુ નામે જાનકી જીનેન વ્યાસ તા. ૨૦/૩/૨૦૨૧ના રોજ અમારી પુત્રવધુ અમારી અવગણના, ઘરમાં ઝઘડા કરી તથા અમારી ઉપર વટ થઈને અમારા ઘરમાંથી અમારા પુત્રને લઈ ગયેલ છે. તેથી અમે અમારા પુત્ર અને પુત્રવધુને તે દિવસથી અમારી તમામ સ્થાવર અને જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે. આ જાહેર નોટીસ આપતા જણાવવાનું કે, અમારો પુત્ર તથા અમારી પુત્રવધુ તેઓ પોતાની રીતે પોતાની મરજીથી મનસ્વી રીતે જીવન જીવે છે અને અમારા કહ્યામાં નથી. અમારા કે અમારા પરિવારના નામે કોઈપણ પ્રકારે નાણા કે અન્ય વસ્તુની લેવડ-દેવડ કે વ્યવહાર કરશો નહી. જો આપના દ્વારા આવું કરવામાં આવશે કે કરેલ હશે તો આપના નાણા તથા તમામ લેવડ-દેવડ વ્યર્થ જશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ : ગાંધીનગર** **લિ.**
**તા. ૩/૬/૨૦૨૨** **સહી/-**

**પંકજભાઈ પ્રહલાદભાઈ વ્યાસ તથા ભાવનાબેન પંકજભાઈ વ્યાસ**

**અમારી મારફત**
**સહી/-**
**આર. જે. વ્યાસ, યુ. જે. વ્યાસ, એડવોકેટ**
**પ્લોટ નં. ૭૫૩/૨, સેક્ટર-૨/સી,**
**ગાંધીનગર. મો. ૯૪૦૯૩ ૮૪૫૫૨**